# શહેર-જિલ્લામાં બે દિવસમાં ૩૨ કેસ

## જિલ્લામાં કોરોનાનો કહેર વધ્યો : તંત્ર બેબાકળુ બન્યું : શહેર - જિલ્લામાં ૩૦ માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન અમલી બનાવાય

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોએ ગતિ પકડી છે. બે દિવસમાં જ ૩૨ કેસ નોંધાતા તંત્ર બેબાકળુ બની ગયું છે.

શહેર જિલ્લામાં આજે ૧૭ કેસ નોંધાયા છે જેમાં શહેરમાં ૯ અને ગ્રામ્યમાં ૮ કેસ નોંધાયા છે. જે ગતિ કોરોનાએ પકડી છે તેણે તંત્રની ચિંતા વધારી દીધી છે.

સોમવાથી ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના યુવાઓના વેક્સિનેશન અભિયાનના આયોજનમાં વ્યસ્ત તંત્રએ હવે બદલાતી સ્થિતિમાં કેસો પર ધ્યાન કેન્દરીત કર્યું છે. જોકે શહેર - જિલ્લામાં હૉસ્પિટલાઈઝેશન દર ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

તંત્રએ પણ સઘન સર્વેલન્સની સાથે સાથે હોમ આઈસોલેશન અને માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે કડક સૂચનાઓ આપી છે.

શહેરમાં કેસો ધીમી ગતીએ નોંધાયા હતા. જોકે છેલ્લા બે દિવસમાં ૨૦ કેસ નોંધાયા છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ચાર દિવસમાં ૧૯ કેસ નોંધાયા છે.

આ વખતે મહિલાઓ અને યુવાઓ વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતાઓ વધી છે. તંત્રએ ટેસ્ટીંગ અને ટ્રેસીંગની આક્રમક રણનીતિ અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે.

શહેર જિલ્લામાં હાલ ૩૦થી વધુ માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ ગ્રાન્ટઈન એઈડ તેમજ સરકારી કચેરીઓમાં વેક્સિનનો ડોઝ લીધા હોય તેવા મુલાકાતીઓને જ પ્રવેશ આપવામાં આવે તેવી સૂચનાઓના અમલ માટે તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી માટે પણ તંત્રએ સૂચનાઓ આપી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં ૮ કેસ નોંધાયા

### ગાંધીનગર તાલુકામાં ૭ અને દહેગામમાં એક કેસ નોંધાયો છ છેલ્લા ૪ દિવસમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ કેસ નોંધાયા : ૩ને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા : ૧૧ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બનાવાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮ દેસ કોરોનાના નોંધાયા છે. છેલ્લા ૪ દિવસમાં કોરોનાના ૧૯ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યું છે. જે ગતિએ કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

જિલ્લામાં છેલ્લા બે મહિનામાં ૨૮ કેસ નોંધાયા છે. આ પૈકી ૧૯ કેસ તો માત્ર છેલ્લા ૪ દિવસમાં નોંધાયા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૭ કેસ ગાંધીનગર તાલુકામાં અને એક કેસ દહેગામ અર્બનમાં નોંધાયો છે. આજે નોંધાયેલા ૮ કેસમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ગાંધીનગર નજીક આવેલ ડભોડા પી.એસ.સી.ની હદમાં આવતા સી.આરપીએફ કેમ્પમાં ત્રણ કેસ નોંધાયા છે. આ ત્રણેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ ત્રણેય જવાનો અન્ય રાજ્યમાં ફરજો પર હતા અને ત્યાંથી પરત આવતાં તેમનો ટેસ્ટ કરાતાં તેમના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

ઉવારસદ પીએચસીની બદમાં આવેલ કસ્તુરીનગર શેરથામાં વિદેશી આવેલી મહિલા પરત જવાનું હોવાથી ટેસ્ટ કરાવતાં તેણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અદાણી શાંતિગ્રામમાંથી પણ આજે ત્રણ કેસ મળી આવ્યા છે. જેમાં ૧ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. રોજબરોજ અમદાવાદના સતત સંપર્કમાં આ દર્દીઓ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના ૯ કેસ નોંધાયા

### શહેરના કેસોની સંખ્યા ૬૩ થઈ : ૨ દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયું : નોંધાયેલા નવ કેસમાં ૭ મહિલા દર્દી : કુડાસણમાં ૩, સેક્ટર-૨૨માં ૨, ઈન્ફોસિટી, રાયસણ, સરગાસણ અને સેક્ટર-૮માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૯ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે નોંધાયેલા કેસોની સંખ્યા ૬૧ પર પહોંચી છે.

વાયબ્રન્ટ સમીટના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે જે રીતે કેસો વધી રહ્યા છે તેણે સમગ્ર તંત્રની ચિંતા વધારી દીધી છે. જોકે હજુ કડક નિયંત્રણો લાદવાથી સરકાર પણ દૂર રહી છે. ફરજિયાત માસ્કના નિયમની અમલવારી કડક રીતે કરવાની સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા નવ કેસમાંથી ત્રણ કેસ કુડાસણમાંથી, બે કેસ સેક્ટર-૨૨માંથી ઉપરાંત ઈન્ફોસિટી, રાયસણ, સેક્ટર-૮ અને સરગાસણમાંથી કેસો મળી આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે જ્યારે બાકીના દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. બધા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ આજે નોંધાયેલા નવ દર્દીઓના સંપર્કમાં આવેલા ૫૩થી વધુ લોકોની યાદી બનાવી દીધી છે અને તેમનું ટ્રેસીંગ કર્યા બાદ ટેસ્ટીંગ કરવામાં આવશે. શહેરમાં આજે નોંધાયેલા નવ કેસમાંથી ૭ મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા દર્દીઓ ૧૮ થી ૬૨ વર્ષની વય જૂથના છે.

ઈન્ફોસિટીમાં રહેતા ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે.

સેક્ટર-૨૨માં શારજાહથી આવેલી ૪૬ વર્ષીય મહિલા અને ૧૮ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બંને દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પવનના સુસવાટાઓ આગામી સપ્તાહે પણ ગાંધીનગરાઓને ધ્રુજાવશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લામાં આગામી પાંચ દિવસ પવનના સુસવાટાઓ ગાંધીનગરાઓને ધ્રુજાવશે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા જારી કરાયેલ હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટિનના અંક નં. ૭૯માં આવી સંભાવના વ્યક્ત કરાઈ છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૧લી જાન્યુઆરીથી પાંચમી જાન્યુઆરી સુધીના પાંચ દિવસ દરમિયાન આકાશ મોટાભેગ ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની શક્યાત નથી. જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૫-૨૮ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન ૧૫-૧૭ ડિગ્રી રહેવા સંભવ છે.

હવામાં ભેજનું પ્રમાણ ૨૯થી ૫૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧૮ કિ.મી. પ્રતિકલાક રહેવા શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં બુલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે, પાકમાં રોગ - જીવાતનો ઉપદ્રવ વધવાની પુરેપુરી શકયતાઓ રહેલી છે તો પાક નીરીક્ષણ કરી પાકમાં સંરક્ષણના પગલાં ભરવા હાથ નિંદામણ અને આંતર ખેડની કામગીરી કરવી.

જિલ્લામાં પવનનું જોર યથાવત રહેવાની સંભાવના હોઈ પવનના સુસવાટાઓથી ઠંડી સતત અનુભવાશે. જિલ્લામાં હાલ રવિપાકની સ્થિતિ સારી હોવાનો દાવો જિલ્લાનું કૃષિતંત્ર કરી રહ્યું છે.



ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના ઉભા આડા માર્ગોનુ રીસરફેસીંગ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ડામર કામની સાથે હવે રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે જેથી રાત્રિના સમયે માર્ગો પર જગમગાટ જોવા મળશે. કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા સાથે આસપાસ રંગબેરંગી રોશનીથી માર્ગોની સજાવટ કરાશે હાલ માર્ગ સુધારણાની કામગીરી પણ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. જેમાં નગરના હાર્દસમા વિસ્તારમાં ચ-૩ થી ઘ-૩ને જોડતા માર્ગનુ રીસરફેસીંગ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે હાલ આ માર્ગ પર ટ્રાફિકની વન વે અવરજવર કરી દેવામાં આવી છે.

# કોરોના કાળમાં વિદ્યાર્થી પાસ યોજના અન્વયે ગાંધીનગર ડેપોની આવક ઘટી

### ગત વર્ષની સાપેક્ષમાં ઓનલાઇન શિક્ષણના ટ્રેન્ડ વચ્ચે સલામત સવારીની આવકમાં ૧.૧૬ લાખનો ઘટાડો

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર એસ ટી ડેપોએ કોરોના કાળ દરમિયાન આર્થિક નુકશાની સહન કરવાનો વારો આવ્યો હતો જયારે છેલ્લા ૬ મહીનાથી એસ ટી ની સલામત સવારી ફુલસ્વીંગમાં ટ્રેક પર દોડતી થઇ છે. જેના લીધે લગ્નસરાની સિઝનમાં પણ ડેપોએ તગડી આવક કરી છે. આ ઉપરાંત મુસાફર પાસ યોજનાને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. પરંતુ કોરોનાના કહેર વચ્ચે હજુ શાળાઓ અગાઉની જેમ ધમધમતી થઇ નથી જેના લીધે ડેપોની વિદ્યાર્થી પાસની યોજના અન્વયે આવક ઘટી છે. ગત વર્ષની સાપેક્ષમાં રૂ ૧.૧૬ લાખની આવકનો ઘટાડો થયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોએ છેલ્લા કેટલાક સમયમાં લગ્નસરાની મોસમ દરમિયાન નોંધપાત્ર આવક કરી છે. આ ઉપરાંત મુસાફર પાસની યોજના અન્વયે પણ ડેપોની આવકમાં ગત વર્ષની સાપેક્ષમાં વધારો થયો છે. પરંતુ વિદ્યાર્થી પાસની યોજના અંતર્ગત ડેપોને ગત વર્ષની સાપેક્ષમાં ખોટ ગઈ છે. વર્ષ ૨૦૨૦ માં કોરોના કાળ વચ્ચે અચાનક જ લોકડાઉનની સ્થિતિ આવી ગયા બાદ ડેપોની સલામત સવારીના પૈડા પણ થંભી ગયા હતા જયારે વિદ્યાર્થી પાસ યોજના અન્વયે ડેપોએ પાસ ઈસ્યુ કરવાનુ શકય બન્યુ ન હતુ. કોરોનાના કપરા કાળમાં શાળા કોલેજો પણ બંધ થઈ ગઈ હતી જયારે શરૂઆતના તબક્કામાં શાળાઓ કાર્યરત રહી ત્યાં સુધી ઈસ્યુ કરાયેલા વિદ્યાર્થી પાસ સિવાય અન્ય નવા પાસ પણ ડેપો કક્ષાએથી વિદ્યાર્થીઓ માટે કાઢવામાં આવ્યા ન હતા બીજીતરફ હાલ છેલ્લા ૬ મહીનાથી એસ ટી ડેપોના પૈડા માંડ પાટે ચઢયા છે. ત્યારે શાળા કોલેજોમાં પણ હાલ વિદ્યાર્થીઓની

● અનુસંધાન પાન-૭ પર

# વાતાવરણમાં ઠંડીનુ જોર ઘટયુ પણ સુસવાટા મારતા પવનથી નગર ઠંડુગાર

### ઠંડીનો પારો ૧૩. ૮ ડીગ્રીએ આવી ગયો : પ્રતિ કલાકના ૮ કીમીની ઝડપે ફુંકાતા ઠંડા પવનના લીધે નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં એકબાજુ ઠંડીનુ જોર ઘટયુ છે. પરંતુ સુસવાટા મારતા આકરા ઠંડા પવનના લીધે કોલ્ડવેવનો કહેર યથાવત છે. ગઈકાલે રાત્રિના તેમજ આજે સવારે પણ બર્ફિલા પવનના લીધે નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. આજે ઠંડીના પારામાં ૩ ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ જોર ઘટયુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે પ્રતિકલાક ૮ કી મીની ઝડપે ફુંકાતા ઠંડા પવનના લીધે નગરજનો માટે ઠંડી અસહ્ય બની હતી.



ગાંધીનગરમાં આ વર્ષે શિયાળાની મોસમ દરમિયાન વરસાદી વાયરા વચ્ચે ઠંડા પવનનુ પણ આક્રમણ વધુ હોવાના લીધે ઠંડીની મોસમ વધુ આકરી બની છે. છેલ્લા એક મહીનામાં બે વાર નાટયાત્મક વાતાવરણ પલ્ટાના લીધે વરસાદી વાયરા વચ્ચે કમોસમી માવઠાએ પણ નગરજનો માટે મુસીબત નોંતરી હતી જયારે ઠંડીના પારાની પણ સતત ચઢ ઉતર ચાલુ રહેતા શહેરમાં આકરી ઠંડીનુ મોજુ યથાવત છે. ગત દિવસોમાં ઠંડીનો પારો ૬.૫ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. જયારે સિઝનમાં અત્યાર સુધી પાંચ દિવસ ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી જતા નગરજનોએ ઘરની બહાર ન નિકળી શકાય તેવી આકરી ઠંડી અનુભવી હતી. છેલ્લા એક દાયકાની આકરી ઠંડીનો પરચો મળતા નગરજનો ઘરોમાં પણ હીટર ઓન કરવાની ફરજ પડી છે. એકબાજુ ઠંડીની ચઢઉતર વચ્ચે વાતાવરણ પલ્ટાની સાથે આકરા સુસવાટા મારતા પવનના લીધે પણ ઠંડીનુ જોર બમણુ થયુ છે. જેના લીધે જનજીવન પ્રભાવિત છે. આકરા પવનના લીધે શહેરીજનો દિવસ દરમિયાન ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. ગઈકાલે ઠંડીનો પારો ૧૦. ૮ ડીગ્રીએ રહ્યો હતો જયારે આજે લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડીગ્રી પહોંચી જતા શહેરીજનોએ ઠંડીમાં આમ રાહત અનુભવી હતી પરંતુ કલાકના ૮ કી મીની ઝડપે ફુંકાતા આકરા પવનના લીધે નગરજનો ઠંડીમાં ઠંઠવાયા હતા. વહેલી સવારે અને રાત્રિના સમયે બર્ફિલા પવનના લીધે નગરજનોએ ઘરની બહાર નિકળવાનુ પસંદ કર્યુ ન હતુ. સવારે પણ મોડા સુધી નગરજનો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



નદી ઉત્સવના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રિવરફ્રંટ ખાતે સાબરમતીની આરતી કરી હતી. આ પ્રસંગે સાબરમતીના પટ પર આવેલ વિવિધ સંકુલો પર રોશની કરાઈ હતી તેમજ શહેરની વિવિધ બ્રિજ પર પણ રોશની કરવામાં આવી હતી. આરતીમાં મુખ્યમંત્રીની સાથે અગ્રણી આગેવાનો જોડાયા હતા.

# અડાલજ કેનાલમાં પાઈપ સ્ટ્રકચરની કામગીરીના લીધે ૪થી સુધી ટ્રાફિક પ્રભાવિત રહેશે

ગાંધીનગર તા ૩૧

અડાલજ કેનાલ પાસે છેલ્લા બે દિવસથી ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગુડા દ્વારા આ વિસ્તારમાં અડાલજ પમ્પીંગ સ્ટેશનથી જાસપુરના રૂટમાં પાઈપનુ કામ હાથ ધરવાની તૈયારી રૂપે હાલ નર્મદા કેનાલમાં પાઈપનુ સ્ટ્રકચર ઉભુ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે આ કેનાલ પરના બ્રિજ તેમજ આસપાસના વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. આગામી તા ૪ જાન્યુઆરી સુધી આ કામગીરી ચાલુ રહેશે જેમાં મુખ્યત્વે બપોરે ૧૨ થી ૪ કલાક દરમિયાન ટ્રાફિકની અવરજવર પ્રભાવિત રહેશે જેને અનુલક્ષી ગુડાએ વાહનચાલકોને સહકાર આપવા પણ અપીલ કરી છે.

ગાંધીનગરમાં એકબાજુ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેરના વિવિધ માર્ગો પર રીસરફેસીંગ તેમજ અન્ડર પાસ અને વાઈડનીંગની કામગીરી પણ ચાલી રહી છે. જેના લીધે શહેરના મુખ્યમાર્ગો પર વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આમ પણ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને ઠેર ઠેર સુશોભનનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે જેના લીધે ટ્રાફિકની અવરજવર પ્રભાવિત થઈ છે. બીજીતરફ ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી હાલ ફલાય ઓવર સહીત માર્ગને

**ગુડાના તંત્રએ વાહનચાલકોને ટ્રાફિકના મામલે સહકાર આપવા અપીલ કરી**

સિકસલેન કરવાની કામગીરી પણ ચાલી રહી છે. આ સ્થિતિ વચ્ચે એસ જી હાઈવે પર ટ્રાફિકની મુવમેન્ટ સરળ રહી નથી આ ઉપરાંત રક્ષાશક્તિ સર્કલ પર બ્રિજ બનાવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. જયારે મેટ્રો સહીત માર્ગ સુધારણાના કામોના લીધે ઠેર ઠેર ટ્રાફિકની અવરજવર વધુ જટીલ અને શિરદર્દ સમાન બની છે. ગુડા દ્વારા પણ અડાલજ પમ્પીંગ સ્ટેશનથી જાસપુર તરફ સુએજ ટ્રીટમેન્ટને અનુલક્ષી કામ ચાલી રહ્યુ છે. જેમાં ૧ હજાર ડાયામીટરની જી ઈ પાઈપલાઈન નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી હાલ અડાલજ કેનાલમાં પાઈપ સર્પોટીંગ સ્ટ્રકચર ઉભુ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com